ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૬/૨૩–૨૪/ 144 તારીખ : 21 FEB 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૬૬/૨૩–૨૪

પ્રતિ,
**મે.રઘુવીર સ્ટોન ઈન્ડ.**
સર્વે નં–૭૩૪/પૈકી,
મું.સુદામડા,
તા.સાયલા,
જી.સુરેન્દ્રનગર.

મો.નં– ૯૮૯૮૭ ૫૯૯૯૯

**વિષય : એચ.ટી.કનેકશનમાં લોડ વધારો કરી બિલમાં ડેબીટ કરેલ રકમ જમા આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરીને મળ્યા તા.૦૧/૦૧/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૬/૨૩–૨૪/૦૪ તા.૦૨/૦૧/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૬/૨૩–૨૪/૩૨ તા.૧૬/૦૧/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૩૧/૦૧/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, લીંબડી.
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૬૬/૨૩–૨૪</u> ☜

**વાદી :– મે.રઘુવીર સ્ટોન ઈન્ડ.**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૩૧/૦૧/૨૦૨૪</u>** ◈

હાજર રહયા :– **શ્રી ખાવડ વિજયભાઈ માણશીભાઈ (વાદી ના પ્રતિનિધિ)**
પ્રતિવાદી :– **શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.રઘુવીર સ્ટોન ઈન્ડ, મું.સુદામડા, તા.સાયલા, જી.સુરેન્દ્રનગરની એચ.ટી.કનેકશનમાં લોડ વધારો કરી બીલમાં ડેબીટ કરેલ રકમ જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૬/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૬/૨૩–૨૪/૦૪ તા.૦૨/૦૧/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૩૧/૦૧/૨૦૨૪</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.રઘુવીર સ્ટોન ઈન્ડ.વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી ખાવડ વિજયભાઈ માણશીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ તા.૧૬/૧૧/૨૦૨૩ ના રોજ બનેલા અમારા એચ.ટી.કનેકશન ના વીજ બીલમાં પીજીવીસીએલ દ્વારા અંકે રૂા.૧૨,૯૨,૪૭૫/– ડેબીટ જે.વી.દ્વારા બાકી દર્શાવવામાં આવેલ અને રીમાર્કસમાં "SUO MOTO LE OF 475 TO 570 KVS CONS.NOT PAID FQ SO DEBIT FQ OUTWARD NO.3336 DT.03.10.2023" દર્શાવેલ હતું.

૧.૨ OUTWARD NO.3336 DT.03.10.2023 ની નોટીસ અમોને મળેલ નથી. જેની ખાસ નોંધ લેવી અને પત્રની રસીદ વિશે તપાસ કરવી.

૧.૩ આ બાબતે અમો લીંબડી ડિવીઝન ઓફીસમાં તપાસ કરતા જાણવા મળેલ કે, એચ.ટી. કનેકશનના ૪૭૫ કેવીએ કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતા મહતમ વિજભાર એક વર્ષમાં ૪ વારથી વધુ થયેલ હોઈ

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

અમારી સંમતિ વિના આ કોન્ટ્રાકટ ડિમાન્ડ ૪૭૫ કેવીએ વધારી ૫૭૦ કેવીએ કરવા માટેની રકમ બીલમાં ઉધારેલી છે.

૧.૪ લીંબડી ડિવિઝન ઓફીસ દ્વારા અમારી કોઈ પુર્વ સંમતિ વિના આ લોડ વધારો કરવામાં આવેલ છે.

૧.૫ અમોને તા.૦૬/૦૫/૨૦૨૩ ના રોજ આઉટવર્ડ નં–૧૩૨૯ ની નોટીસ મળેલ જે બાદ અમો રૂબરૂ લીંબડી ડિવિઝન ઓફીસ કચેરીમાં જઈને રજૂઆત કરેલ કે, ગયા નાણાંકીય વર્ષમાં મહતમ વિજભાર કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતા વધુ આવેલ છે. પરંતુ, આ વીજ માંગ સતત બધા માસમાં આવેલ નથી અમુક વખતે ટ્રાન્સફોર્મર ના OLTC ની કાર્ય પધ્ધતીમાં વિક્ષેપ હોય ત્યારે આવું બને છે જે બાબતે અમો સુધારા કરી રહયા છીએ અને અન્ય માસની મહતમ વીજભાર આપ ચકાસો તો પણ ખ્યાલ આવી શકે છે.

૧.૬ ત્યારબાદ, ચાર મહીનાનો વિજ ભાર કોન્ટ્રાકટ ડિમાન્ડ ૪૭૫ કેવીએ મુજબ રહેલો પરંતુ, ઓગષ્ટ–૨૦૨૩ થી ઓકટોબર–૨૦૨૩ માં ચોમાસાને કારણે ટ્રાન્સફોર્મરના OLTC માં ફરીથી કોઈ વિક્ષેપના કારણે મહતમ વિજભાર ૫૪૩ કેવીએ આવેલ. આ પત્ર સાથે છેલ્લા બે વર્ષના મહતમ વિજભાર નું એક ટેબલ ચાર્ટ બનાવી જોડાણ કરેલ છે. જેના પરથી અમારી મહતમ વિજભારની જરૂરીયાતનો અંદાજ લગાવી શકાય.

૧.૭ આપ સાહેબને અમારી અરજી એવી છે કે, લીંબડી ડિવિઝન ઓફીસને આ ૧૨,૯૨,૪૭૫/– રૂપિયાની ડેબીટ જે.વી. કેન્સલ કરવા માટે આપ સાહેબ દ્વારા નિર્દેષ આપવામાં આવે.

૧.૮ ચાલુ નાણાંકીય વર્ષમાં મહતમ વિજભાર કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતા ત્રણ વાર વધુ આવેલ છે. માટે જુના નાણાંકીય વર્ષના મહતમ વિજભાર પીજીવીસીએલ દ્વારા ધ્યાને લેવામાં આવે એ ઈચ્છનીય છે.

૧.૯ અમોને આ લોડ વધારો ફરજીયાત લાગુ થાય તો, પેઢી માટે નાણાંકીય તકલીફો ઉભી થઈ શકે છે.

૧.૧૦જયારે બીલમાં મહતમ વિજભાર કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતા વધુ આવેલ હોય ત્યારે અમો દ્વારા નિયમ મુજબ એકસેસ DMD ના ૫૫૫ રૂપિયા પ્રતિ કેવીએ લેખે ચૂકવેલા છે, અમો નજીકના ભવિષ્યમાં કોઈપણ લોડ વધારાની જરૂર છે નહી માટે અમારી અરજી મંજૂર કરવા આપ સાહેબને વિનંતી.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

રઘુવીર સ્ટેન ઈન્ડસ્ટ્રીઝ મું.સુદામડા, તા.સાયલા, સુદામડા રોડ, સર્વે નં–૭૩૪પી ભારે વિજ જોડાણ તા.૨૨/૦૧/૨૦૨૧ ના રોજ, ગ્રાહક નં–૧૭૬૫૭, વિજભાર–૪૭૫ કેવીએ રીલીઝ કરવામાં આવેલ. તેઓ દ્વારા કરવામાં આવેલ રજૂઆતના મુદા વાઈઝ પ્રત્યુતર નીચે મુજબ છે.

૨.૧ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગર ખાતે કરેલ અરજીમાં જણાવ્યા મુજબ પીજીવીસીએલ દ્વારા એચ.ટી.કનેકશનમાં લોડ વધારો કરી બીલમાં રકમ ડેબીટ કર્યાના વિરોધની અરજી એવું જણાવેલ છે.

૨.૨ આઉટવર્ડ નં–૩૩૩૬ તા.૦૩/૧૦/૨૦૨૩ ની અંદાજપત્ર અત્રેની કચેરી દ્વારા મોકલવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સોમલ છે. તથા તેનું ટપાલ રજીસ્ટરની નકલ આ સાથે સામેલ છે.

૨.૩ લોડ વધારા બાબતે અમો ગ્રાહકને નોટીસ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક–લીંબડી ડીઓ/રેવ/૧૩૨૯ તા.૦૬/૦૫/૨૦૨૩ થી મોકલવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. તથા તેનું ટપાલ રજીસ્ટરની નકલ આ સાથે સામેલ છે.

૨.૪ જીઈઆરસીના સપ્લાય કોડ–૨૦૧૫ ના કલોઝ નં–૪.૯૫ મુજબ સદર બાબતે આગળની કાર્યવાહી કરેલ છે. એચ.ટી., ઈ.એચ.ટી, અને માંગ આધારીત એલ.ટી.જોડાણોના કેસમાં જો નોંધાયેલી અધિકતમ માંગ, છેલ્લા નાણાંકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫% કે તેથી વધુ કરાર માંગથી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વિજભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા ૩૦

Redressal Fo... P.G.V.C.L. Bhavnagar

દિવસની નોટીસ આપશે. નોટીસની મુદત પૂરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ના આવે તો પરવાનેદાર, છેલ્લા નાણાંકીય વર્ષમાં ગ્રાહકના MDI મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકોર્ડીંગ ની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં વધારેલી માંગ નિયમીત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકને લાગુ પડશે.

ઉપરોક્ત મુદા મુજબ ગ્રાહક દ્વારા જે ટેબલ ચાર્ટ જોડવામાં આવેલ છે, જેમાં પણ સ્પષ્ટ મહતમ વિજભાર કેટલી વાર વધારે આવેલ છે તેનાથી તેઓ વાકેફ જ છે.

૨.૫ જીઈઆરસી ના સપ્લાય કોડ–૨૦૧૫ ના કલોઝ નં–૪.૯૫ મુજબ કાર્યવાહી કરેલ છે.

૨.૬ ગ્રાહકને આપવામાં આવેલ વર્ષ–૨૦૨૨–૨૩ ના મહતમ વિજભાર લઈ અને જીઈઆરસીના સપ્લાય કોડ–૨૦૧૫ ના કલોઝ નં–૪.૯૫ મુજબ કાર્યવાહી કરેલ છે.

૨.૭ લાગુ પડતુ નથી.

૨.૮ અત્રેની કચેરી દ્વારા સદર બાબતે પ્રવર્તમાનના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે.રઘુવીર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ, ગ્રાહક નં–૧૭૬૫૭ થી મું.સુદામડા, તા.સાયલા ખાતે ૪૭૫ કેવીએ નું એચ.ટી.વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદીને પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તા.૧૬/૧૧/૨૦૨૩ ના રોજના વિજ બિલમાં રૂા.૧૨,૯૨, ૪૭૫ /– ની રકમની ડેબીટ ભરેલ બાકી રકમ દર્શાવતું સુઓ મોટો ૪.૯૫ મુજબ નું બીલ આપવામાં આવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૩ વાદીને અરજી અંગે આજરોજ તા.૩૧.૦૧.૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં વાદી અને પ્રતિવાદીના પ્રતિનિધિઓએ હાજર રહી રજુઆતો કરેલ છે.

૩.૪ પ્રસ્તુત કેસની વિગત મુજબ વાદીના ૪૭૫ કેવીએ કોન્ટ્રાકટ ડિમાન્ડ ધરાવતા વીજ કનેકશનમાં વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન માસ એપ્રિલ–૨૨, મે–૨૨, જુન–૨૨, ડિસે–૨૨, જાન્યુ–૨૩, ફેબ્રુ–૨૩, એમ કુલ ૭ બાબત કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતા વધુ લોડનો વપરાશ નોંધાયેલ છે. જે હકીકત વાદીએ સ્વીકારેલ છે.

૩.૫ વાદીના વધારાના લોડ વપરાશને ધ્યાને લઈને પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા પત્ર નં–૧૩૨૯ તા.૦૬/૦૫/૨૦૨૩ થી જાણ કરવામાં આવેલ, ત્યારબાદ પણ વધુ વીજ વપરાશની નોંધ જોવા મળતા, પ્રતિવાદી દ્વારા પત્ર નં–૩૩૩૬ તા.૦૩/૧૦/૨૦૨૩ થી અંદાજપત્ર રૂા.૧૨,૯૨,૪૭૫/– નુ મોકલવામાં આવેલ. જે ભરપાઈ ન થતાં ગ્રાહકના ખાતામાં ડેબીટ(જેવી) થી રકમ ઉધારેલ છે જે વધારા વાળી રકમનું બિલ તા.૧૬/૧૧/૨૦૨૩ ના રોજ વાદીને આપવામાં આવેલ છે. પ્રતિવાદી દ્વારા વાદીના વિજ વપરાશ અંગેનું સ્ટેટમેન્ટ પણ રજૂ કરેલ છે.

૩.૬ રજૂ થયેલ રેકર્ડ અને રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા વાદીના લોડ વધારા અંગેની કરવામાં આવેલ બીલીગની કાર્યવાહી જીઈઆરસી ના સપ્લાય કોડ–૨૦૧૫ ની કલોઝ–૪.૯૫ મુજબ ની અને નિયમોનુસાર છે.

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

૩.૭ આ તબક્કે પ્રતિવાદીની વડી કચેરી રાજકોટ ના પત્રન. ૧૯૧૦ તા. ૧૯.૦૩.૨૦૨૨ માં દર્શાવેલ સુચના ને પણ ધ્યાનમાં લેવામાં આવે છે જે નીચે મુજબ છે.

**" In such cases, we may allow such consumers with their current cotract demand or contract demand within 100 KW by recovering differential fixed/demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code and consumer desires to continue with the contract demand for period of two years i.e. agreement period. Afterwards, on single instance of excess drawl than contract demand, consumer has to regularize its contract demand."**

૩.૮ ઉપરોક્ત મુજબની તમામ વિગતો અને પત્રવ્યવહાર તેમજ રજુઆતોને ધ્યાને લેતા અરજદારે પોતાનું વીજજોડાણ પીજીવીસીએલ દ્વારા અપાયેલ એસ્ટીમેટ ભરપાઈ કરીને ગણતરી કરેલ લોડ મુજબ રેગ્યુલરરાઈઝ કરવાનું રહેશે અથવા જે તારીખે ભાવપત્રક ડેબિટ કરવામાં આવેલ છે તે તારીખ થી નવા સરેરાશ લોડ મુજબ નો બે વર્ષ નો ન્યૂનતમ ચાર્જ વસૂલ કરવાનો રહેશે અને ઉપરોક્ત 3.7 માં દર્શાવેલ વિગતો મુજબ બાહેંધરી પત્ર રજૂ કરી ને વીજભાર નિયંત્રિત કરવાનો રહેશે, તેમ કરવામાં નિષ્ફળ થયે થી પ્રતિવાદી પી.જી.વી.સી.એલ. સુઓ મોટો હેઠળ સ્પલાય કોડ ૪.૯૫ મુજબ ની કાર્યવાહી કરી શકશે.

**<u>—:: હુકમ ::</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૩૧/૦૧/૨૦૨૪.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar